હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

વરસાદની રાહ જોવામાં હવે પહેલા જેવો કંટાળો નથી આવતો સાહેબ, મોબાઈલમાં યુ-ટ્યૂબ જોઈને સમય નીકળી જાય છે...

પેથાપુર ચાર રસ્તા પાસે આધેડે બાઈકલાચકને લાફો મારતા આધેડ પર જીવલેણ હુમલો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નજીક આવેલા પેથાપુર ચાર રસ્તા પાસે ગતરોજ સાંજના સુમારે ચાલતા જઈ રહેલા આધેડ વયના પુરુષને પાછળથી બાઈક ભટકાયું હતું. ત્યારે બાઈક સ્લીપ થઈ જતા બાઈકચાલક પણ નીચે પડ્યો હતો. ત્યારે બાઈકચાલક અને આધેડ વયના નાગરીક વચ્ચે બોલાચાલી થઈ હતી. જેમાં ઉશ્કેરાઈ જઈને આધેડે બાઈકચાલકને લાફો ઝીંકી દીધો હતો. તો સામે બાઈકચાલકે પણ પોતાની સાથે રહેલી છરી કાઢીને આધેડને પેટ અને છાતીમાં બે ઘા મારીને ઈજા પહોંચાડી હતી. ઈજાગ્રસ્તને તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ ખાતે લઈ જવાયા હતા. બનાવ અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ મુળ ગામ ધણપ અને જીઈબી ગેટ પાસે કાચા છાપરામાં રહેતા શંકરજી શિવાજી રાણા ઉં.વ.૫૮ પોતાના પરિવાર સાથે રહે છે અને કડીયાકામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ત્યારે રવિવારના રોજ સાંજે આઠ વાગ્યાના અરસામાં તેઓ પેથાપુર બસ સ્ટેન્ડ પાસેથી ચાલતા પસાર થયા હતા ત્યારે પાછળથી એ બાઈક ચાલકે તેમને ટક્કર મારી હતી. બાઈક પણ સ્લીપ થતા બાઈક ચાલક નીચે પડ્યો હતો, જેથી બંન્ને વચ્ચે રકઝક થઈ હતી. આધેડે ગુસ્સે ભરાઈને ચાલકને લાફો મારી દેતા યુવાને પણ પોતાની પાસે રહેલી છરી કાઢીને પેટની જમણી બાજુએ અને છાતીની જમણી બાજુએ નીચેના ભાગે બે ઘા મારીને ઈજા પહોંચાડી હતી. આ સમયે તેમના પત્ની આવી જતા તેમણે જી.જે.૩૧.બી.૭૮૭૮ નંબરનું બાઈક જોયું હતું. ઈજા થયેલી હાલતમાં આધેડ પોલીસ મથકે પહોચ્યા હતા. જેથી તાત્કાલીક પોલીસે ૧૦૮ બોલાવી સારવાર માટે સિવિલ ખસેડાયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ લઈ રીફર કરવામાં આવ્યા હતા. બનાવ અંગે પોલીસ બાઈક ચાલક ભાવિકસિંહ જીતેન્દ્રસિંહ ડાભી (રહે.ઉંટવાડીયું તળાવ પેથાપુર) સામે ગુનો નોંધી યુવકને પકડી પાડવા માટે તપાસ તેજ કરી છે.

ગાંધીનગર કલેક્ટર કચેરી ખાતે

અપમાનજનક શબ્દો બોલતા મહેસૂલ તલાટી યુવતિની ફરિયાદ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર કલેકટર કચેરી ખાતે મહેસુલ તલાટી યુવતિ સાથે ગાળાગાળી કરી જાતિવિષયક અપમાન કરી લાફો મારવાની ઘટના પ્રકાશમાં આવી છે. અરજદારે આ અંગે યુવતિએ કાર્યમાં અડચણ કરવા અંગે, અપમાન અને એટ્રોસીટીની ફરીયાદ સે-૭ પોલીસ મથકે આપી છે. પોલીસે ગુનો નોંધી આરોપીને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

સેકટર-૭ પોલીસ મથકેથી મળતી માહિતી મુજબ કલોલમાં રહેતી નીલમ વીકી મકવાણા ઉં.વ.૩૪ ગાંધીનગર કલેકટર કચેરી ખાતે રેવન્યું વિભાગમાં મહેસુલ તલાટી તરીકે ફરજ બજાવે છે. જે છેલ્લા બે વર્ષથી રજીસ્ટ્રી શાખામાં ટપાલો ઈનવર્ડ કરવાનું કામ કરે છે. સોમવારે બપોરના સુમારે રાજેશ મણીલાલ પટેલ પોતાની ત્રણ પેજની અરજી લઈને આવ્યો હતો. જેમાની એક અરજીની નકલ નિલમે પરત કરી હતી. જેથી અરજદારે ઈનવર્ડ નંબર માંગ્યો હતો. જેને પગલે નિલમે અરજી પર ઉપરી અધિકારીની સહી બાદ ઓનલાઈન કોમ્પ્યુટરમાં એન્ટ્રી કર્યા પછી ઈનવર્ડ નંબર પડતો હોય છે માટે થોડીવાર બેસો પછી ઈનવર્ડ નંબર આપુ છું. થોડીવાર બેસવાનું કહેતા જ અરજદાર ભડકી ઉઠ્યો હતો અને કલેકટર કચેરી ખાતે હોહા મચી ગઈ હતી. તું કોણ મને બેસવા માટે કહેવાવાળી... શુ નામ છે તારુ. કહી કચેરી માથે લીધી હતી. અરજદારે રિસિવ અરજી પર તારુ નામ લખીને આપ કહીને ઉશ્કેરાઈ જઈને જાતિ વિષયક બોલી યુવતિને અપમાનિત શબ્દો કહીને લાફો મારી દીધો હતો. આ સમયે કલેકટર કચેરી ખાતે મોટીસંખ્યામાં નાગરીકો એકઠા થઈ જતા આ શખ્સ ભાગી ગયો હતો. બનાવ અંગે યુવતિની ફરીયાદ લઈ સેકટર-૭ પોલીસે તપાસ શરુ કરી છે.

શહેરના યુવાને તૈયાર કરેલી

અમદાવાદ જગન્નાથ મંદિરની ડોક્યુમેન્ટરી સોશિયલ મીડિયામાં વાઈરલ

જગન્નાથ મંદિરના સેવાકાર્ય તેમજ રથયાત્રાના મોહક દૃશ્યો ભાવિકોમાં આકર્ષણનું કેન્દ્ર

ગાંધીનગર, તા. ૧

ભગવાન જગન્નાથજીની રથયાત્રાને અનુલક્ષી ભાવિકોમાં અનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ગાંધીનગરમાં ઉપમી રથયાત્રાના આયોજનને અનુલક્ષી તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ભગવાન જગન્નાથજીના દર્શન માટે ભાવિકો અધીરા બન્યા છે. ત્યારે ગાંધીનગર ઉપરાંત અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રામાં ભાવિકોનું ઘોડાપુર ઉમટે છે. અનેક આકર્ષણો સાથે અતુટ આસ્થા ધરાવતા ભાવિકો રથયાત્રાના સ્વાગત અને દર્શન માટે ઉત્સુક બન્યા છે. અમદાવાદ સ્થિત જગન્નાથ મંદિર અનેકવિધ સેવાકાર્યો માટે પણ જાણીતુ છે. જ્યારે દેશની સૌથી મોટી ગૌશાળા પણ કાર્યરત છે. વર્ષ દરમિયાન મોટી સંખ્યામાં ભાવિકો જગન્નાથજીના દર્શનાર્થે આવે છે. જગન્નાથજી મંદિરની ધાર્મિક અને સેવાકિય પ્રવૃત્તિઓ ઉપરાંત રથયાત્રા મહોત્સવને અનુલક્ષીને ગાંધીનગરના યુવાન જીગર ત્રિવેદીએ ગત વર્ષ દરમ્યાન ૧૦ મિનિટની એક ડોક્યુમેન્ટરી તૈયાર કરી છે. જેમાં અમદાવાદની રથયાત્રાનો ચિતાર પણ દર્શાવાયો છે. રથયાત્રા પર્વ નજીકમાં છે ત્યારે સોશિયલ મીડિયાના માધ્યમથી ભાવિકો ભગવાનના દર્શનનો લાભ લે છે.

શહેરના યુવાન જીગર ત્રિવેદીએ જગન્નાથ મંદિર અને રથયાત્રાનો મહિમા પોતે બનાવેલ ડોક્યુમેન્ટરીમાં સાંકળી લીધો છે. જેમાં મંદિરની કમિટીની રથયાત્રામાં હાજર રહેતા હાથી, મંદિરની આરતી, ભગવાન જગન્નાથજીની મૂર્તિના દર્શન, જગન્નાથ મંદિરમાં વિનામૂલ્યે થતી સેવા, સાથે રથયાત્રાના ઐતિહાસિક રથ સાથે રથયાત્રાનું મોહક દૃશ્ય સાંકળી લેવામાં આવ્યુ છે. યુવાનના કહ્યા મુજબ તેમણે ૩ કેમેરામેન સાથે ૩ દિવસમાં આ શુટિંગ પૂર્ણ કર્યુ હતુ અને સતત ૨ મહિના જગન્નાથ મંદિરની મુલાકાત લીધી હતી. ગૌશાળાની ગાયો અને સૂર્યાસ્તનો શોટ લેવાનો અનુભવ ખુબજ રસપ્રદ રહ્યો હતો. તેમણે બનાવેલ ડોક્યુમેન્ટરીનું પ્રથમ પ્રદર્શન પરિમલભાઈ નથવાણી, નીતા અંબાણી, સાંઈરામ દવે તથા અમદાવાદના દરેક મંદિરના મહારાજની હાજરીમાં થયું હતું.

જિલ્લામાં પ્રાથમિક શિક્ષણના કલ્સ્ટરોની સંખ્યામાં ૧૯નો ઘટાડો

૧૨ ખાલી જગ્યા પર સી.આર.સી. સમાવાયા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ માટે બનાવાયેલ કલ્સ્ટરોનું રિફોર્મેશન કરવામાં આવતાં ૧૯ જેટલા કલ્સ્ટરો ઘટી જવા પામ્યા છે.

સી.આર.સી. દ્વારા આ કલ્સ્ટરોનું સીધું સંચાલન કરવામાં આવતું હોય છે. જિલ્લામાં ૧૯ કલ્સ્ટર ઘટતા આજે તંત્રમાં એક પ્રકારનો સન્નાટો જોવા મળતો હતો. હવે જિલ્લામાં કલ્સ્ટરની સંખ્યા ઘટીને ૬૬ થઈ છે જે અગાઉ ૮૫ જેટલી હતી.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧૯ કલ્સ્ટર ઘટયા હતા પરંતુ ૧૨ જેટલા સી.આર.સી.ની જગ્યાઓ ખાલી પડેલી હતી. આ ખાલી જગ્યાઓ પર નિમણુંક આપી સમાવી લેવાનો પ્રયાસ પણ તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે.

જિલ્લામાં પ્રાથમિક શિક્ષણને વધુ ગુણવત્તાસભર બનાવવા માટેની આખી વ્યુહરચના પણ શિક્ષણ તંત્રે તૈયાર કરી લીધી છે. મળતી વિગતો પ્રમાણે આજે ધો-૧ થી પના શિક્ષકો જો ૬થી ૮માં ભણાવવા માગતા હોય તો તેવા શિક્ષકો પાસે વિકલ્પ પણ આજે મેળવી અને કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં ૨૦ જેટલા વિષય શિક્ષકો મળી આવ્યા છે.

સી.આર.સી.ના રિફોર્મેશનના પગલે આગામી દિવસોમાં જ પણ કેટલાક મહત્વના નિર્ણયો લેવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

જીએસટીના સફળ અમલીકરણના બે વર્ષની ઉજવણી

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, 'વન નેશન - વન ટેક્સ' માટે જી.એસ.ટી. ક્રાંતિકારી પગલું પુરવાર થઈ દેશના આર્થિક ક્ષેત્રને મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ ફાળો આપશે. દેશના ઈતિહાસની તવારિખમાં ૧લી જુલાઈ ઐતિહાસિક રીતે નોંધાઈ ગઈ છે કારણ કે ૧લી જુલાઈ, ૨૦૧૭ની મધ્ય રાત્રીએ સંસદના સેન્ટ્રલ હોલમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશના સર્વપક્ષોને સાથે લઈ આ નવિન કરમાળખું અમલી બનાવ્યું હતું. જી.એસ.ટી. એજટિલ કરમાળખુંનથી પણ લોકો-વેપારીઓની લાગણી-માંગણી સમાવતું માળખું છે અને ઉદ્યોગ જગતની અપેક્ષાઓ પ્રમાણે તેમાંનિરંતર સુધારાઓ કરવામાં આવી રહ્યા છે.

ચેક પરત થવાના કેસમાં આરોપીને પાંચ વર્ષની કેદની સજા

પાંચ લાખનુ વળતર ચુકવવા પણ કોર્ટેનો આદેશ

ગાંધીનગર તા ૧

ચેક પરત થવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને એક વર્ષની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. આ ઉપરાંત ફરિયાદીને વળતરે પેટે રૂ ૫ લાખ બે માસમાં ચુકવી આપવા આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર ફરિયાદી સ્મિતા ગૌરાંગ શાહ પ્લોટ નં -૨૧૮ : ૨ આનંદ વાટીકા સે-૨૨ વર્ષ ૨૦૧૬ તેમના ઓળખીતા નિતેશ વાસુદેવ રાવલ રહે ઈ -૮૦૧ શુકન સિલ્વર કુડાસણ , હાલ રણાસણ વિજાપુર , રૂ ૫ લાખ ઉછીના આપ્યા હતા. જયારે આ રકમ ત્રણ માસની વાયદાની મુદત પુરી થતા ફરિયાદીએ આરોપી પાસે લેંણી રકમની માંગણી કરી હતી. આ વેળાએ આરોપીએ મેં વર્ષ ૨૦૧૬ માં રૂ ૫ લાખની રકમનો ચેક આપ્યો હતો. જયારે આ ચેક બેંકમાંથી પરત થતા આ કેસના ફરિયાદી સ્મિતાબેને વકીલ સલીમ મોદન મારફતે ધી નેગોશિયેબલ એકટની કલમ ૧૩૮ મુજબ ગાંધીનગરની કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. આ કેસ બીજા એડીશ્નલ ચીફ જયુ મેજી ની કોર્ટમાં ચાલી જતા ફરિયાદી તરફેના વકીલ તરીકે સલીમ મોદને દલીલો કરી હતી. જેના અંતે જજ હેમલત્તા ડી પંડીતે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા કરવાનો આદેશ કર્યો છે. જયારે કોર્ટે ફરિયાદીને વળતર તરીકે રૂ ૫ લાખ બે માસમાં ચુકવી આપવા માટે આદેશ કર્યો છે. જયારે આ ચુકાદા વેળાએ આરોપી હાજર ન હોવાથી કોર્ટે આરોપી વિરુધ્ધ બીનજામીનપાત્ર વોરંટ ઈસ્યુ કર્યુ છે.

આરઆર સેલની ટીમે મોબાઈલ ચોરને પકડી પાડ્યો

ગાંધીનગર, તા. ૧

થોડા સમય અગાઉ ગાંધીનગર શહેરના સેકટર-૭ એ પ્લોટ નં. ૨૬૮-૨ ખાતે રહેતા ભરત બળદેવભાઈ પટેલ ચાલવા માટે નીકળ્યા હતા તે સમયે તેમના ઘરમાં ઘુસી ને કોઈ ચોર ઈસમે બારીમાં મુકેલા મોબાઈલ ફોનની ચોરી કરી પલાયન થઈ ગયો હતો.ઘર માલિક મોર્નીંગ વોકમાંથી પરત આવ્યા તે સમયે ઘરમાંથી મોબાઈલની ચોરીની જાણ થઈ હતી . ઘર માલિકે સેકટર-૭ પોલીસ મથકમાં મોબાઈલ ચોરી અંગે ફરીયાદ નોંધાઈ હતી. જેને પગલે ચોરી થઈ ગયેલા ફોન અંગે ગાંધીનગર રેન્જ આરઆરસેલ દ્વારા ટેકનીકલ સર્વેલન્સ તરફથી તપાસ કરાવતા ચોરી થયેલો નોકીયા કંપનીનો મોબાઈલ ફોન પુનમભાઈ કૃપારામ સલાટ (હાલ રહે.બલરામ છાત્રાલયની પાછળ ઠાકોર વાસ ધોળાકુવા) મોબાઈલનો ઉપયોગ કરતો હોવાનું તપાસમાં જાણવા મળ્યું હતું. આરઆરસેલની ટીમના સભ્યોએ આ ઈસમને પકડી પાડી તેની પુછપરછ કરતા તેની પાસેથી ચોરી થયેલા મોબાઈલ ફોન મળી આવ્યા હતા. પોલીસે મોબાઈલ ફોન કબ્જે કરી શખ્સની અટકાયત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જાવક નં. ૩૯૪-૨૦૧૯-૨૦૨૦

પ્રાંતિજ નગરપાલિકા કચેરી

તા. ૧/૭/૨૦૧૯

જાહેર ટેન્ડર નોટીસ

૨૦૧૯-૨૦૨૦

સને ૨૦૧૯-૨૦૨૦ના વર્ષ માટે પ્રાંતિજ નગરપાલિકાના નીચે જણાવેલ વિભાગ માટે જરૂરિયાત મુજબ ખરીદ કરવા સારૂ ટેન્ડર માંગવામાં આવે છે. સદર ટેન્ડર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી તા. ૧૦/૭/૨૦૧૯ સુધીમાં જે તે વિભાગમાં રસ ધરાવતા ઠેકેદારશ્રીએ કોલમમાં દર્શાવેલ ટેન્ડર ફી રૂબરૂ ભરી મેળવી લેવા અને ટેન્ડર ફીની પાવતી ઝેરોક્ષ તથા જે કોલમમાં જે તે વિભાગ માટે દર્શાવેલ ડીપોઝીટનો F.D.R. ટેન્ડર સાથે બંધ કવરમાં જે તે વિભાગનું કવર ઉપર નામ લખી ફક્ત ભારતીય પોસ્ટ દ્વારા R.P.A.D. થી ટપાલ કરી તા. ૧૨/૭/૨૦૧૯ના સાંજના ૧૬-૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે નીચે જણાવેલ શરતો આધિન સ્વીકારવામાં આવશે.

૧.	નગરપાલિકા સંચાલિત સ્મશાનગૃહ માટે જલાઉ લાકડા	૨૫૦-૦૦	૩,૦૦૦-૦૦
૨.	20 H.P. 5 સ્ટેજ V8 સબમર્શીબિલ મોટર પંપ કોઈપણ ISI કંપની	૨૫૦-૦૦	૫,૦૦૦-૦૦

શરતો :

(૧) ટેન્ડર ભરનાર ઠેકેદારશ્રીએ ટેન્ડરની સાથે રાષ્ટ્રીયકૃત બેંકમાંથી F.D.R.A. No. 10829154105 ચીફ ઓફીસર પ્રાંતિજ નગરપાલિકાના નામનો કઢાવી રજૂ કરવાનો રહેશે. F.D.R. વિના ભરેલ ટેન્ડર અમાન્ય ગણવામાં આવશે.

(૨)આવેલ ટેન્ડરો અથવા નગરપાલિકા દ્વારા નક્કી કરવામાં આવે તેવા વિભાગના ટેન્ડરો અથવા તમામ વિભાગના ટેન્ડરો મંજુર કરવા, અબાધિત રાખવા, તમામ ટેન્ડર સ્થગિત કરવા કે તમામ ટેન્ડર નામંજુર કરવા અથવા યથા પ્રસંગે નિર્ણય લેવાના તમામ અધિકાર નગરપાલિકા પ્રાંતિજના અબાધિત રહેશે.

(૩) ટેન્ડર નોટીસમાં દર્શાવેલ તારીખ અને દર્શાવેલ સમય પછી આવેલ ટેન્ડરો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

(૪) ઉપરોક્ત તમામ વિભાગમાં રસ ધરાવતા ઠેકેદારશ્રીએ શોપ્સ (ગુમાસ્તાનું) રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર ટેન્ડર કોપી સાથે ફરજીયાત બીડવાનું રહેશે. ગુમાસ્તાના રજીસ્ટ્રેશનની નકલ રજૂ કરેલ ન હોવાના કિસ્સામાં ટેન્ડર અમાન્ય ગણવામાં આવશે. જેની ખોસ નોંધ લેશો.

(૫) ઠેકેદારશ્રીએ પોતાના ટેન્ડર ભારતીય ટપાલ દ્વારા R.P.A.D.થી મોકલી આપવાના રહેશે. સાદી ટપાલથી અથવા ખાનગી કુરીયર દ્વારા મોકલી આપવામાં આવેલ ટેન્ડર અમાન્ય ગણવામાં આવશે.

(૬) ઠેકેદારશ્રીએ અધુરી વિગત, છેકછાક, જણાશે તો તેમજ ટેન્ડર સાથે એફ.ડી.આર. તથા ટેન્ડર પાવતી ભર્યાનો આધાર તથા જરૂરી અન્ય આધાર ટેન્ડર સાથે સામેલ ન હોવાના કિસ્સામાં ટેન્ડર અમાન્ય ગણવામાં આવશે.

(૭) સ્થાનિક ઠેકેદારશ્રીને પ્રથમ અગ્રતા આપવામાં આવશે. તેમજ માન્ય ટેન્ડરોમાં જરૂર જણાય નેગોસીએશનની જોગવાઈ રાખવામાં આવેલ છે.

(૮) ન્યાય ક્ષેત્ર પ્રાંતિજ.

સહી/- **(વિશાલ પટેલ)** મુખ્ય અધિકારી	સહી/- **(કિમતાણી જગદીશકુમાર એલ.)** ચેરમેન (ફાયર, એમ્બ્યુલન્સ, સ્મશાન, દબાણ સમિતિ)
સહી/- **(રાવલ ધવલ ભાસ્કરભાઈ)** ચેરમેન પાણી પુરવઠા સમિતિ	સહી/- **(કોકીલાબેન વિજયકુમાર પટેલ)** અધ્યક્ષશ્રી કારોબારી સમિતિ
સહી/- **(દેસાઈ નયનકુમાર ભરતભાઈ)** ઉપપ્રમુખ	સહી/- **(ગીતાબેન સંજયકુમાર પટેલ)** પ્રમુખ

પ્રાંતિજ નગરપાલિકા, પ્રાંતિજ

આષાઢસ્ય પ્રથમ દિવસે સંસ્કૃતોત્સવ કાર્યક્રમ થશે

ગાંધીનગરના ડો. યોગિનીબેન વ્યાસને સાહિત્ય ગૌરવ પુરસ્કાર એનાયત કરાશે

ગાંધીનગર,તા.૧

સંસ્કૃત સાહિત્ય અકાદમી દ્વારા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ આષાઢસ્ય પ્રથમ દિવસે સંસ્કૃતોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વેદશાસ્ત્ર પારંગત સંસ્કૃત ભાષાના પંડિતોનું સન્માન, સાહિત્ય ગૌરવ પુરસ્કાર, યુવા ગૌરવ પુરસ્કાર, સંસ્કૃત બોલનાર કુટુંબનું સન્માન, સંસ્કૃત સેવા સન્માન અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

આગામી તા. ૩જુલાઇ, ૨૦૧૯ને બુધવાર અષાઢસ્ય પ્રથમ દિવસના રોજ સાંજે ૦૬-૦૦ કલાકે સેનેટ હોલ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં રાજ્યપાલ ઓપી કોહલીના અધ્યક્ષસ્થાને અને રાજ્યકક્ષાના સાંસ્કૃતિક મંત્રી ઈશ્વરસિંહ પટેલની ઉપસ્થિતિમાં વર્ષ ૨૦૧૯-૨૦ માટે ડૉ. યોગિનીબહેન વ્યાસને સાહિત્ય ગૌરવ પુરસ્કાર, કિશોરભાઈ શેલડિયાને યુવા ગૌરવ પુરસ્કાર, કાલીદાસ ઠાકર અને નરેન્દ્રકુમાર પંડ્યાને શાસ્ત્ર પંડિત સન્માન, પ્રજ્ઞાબહેન જોશીને વેદપંડિત સન્માન, પ્રણવભાઈ રાજ્યગુરુને સંસ્કૃત કુટુંબ સન્માન તેમજ શ્રુતિબહેન ત્રિવેદીને સંસ્કૃત સેવા સન્માન અર્પણ કરવામાં આવશે. આ સંસ્કૃતોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સાહિત્યકારો અને સંસ્કૃતપ્રેમીઓને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે તેમ, સંસ્કૃત સાહિત્ય અકાદમીના અધ્યક્ષની યાદીમાં જણાવાયું છે.

ટચુકડી

જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૫૭૧

વર્લ્ડ પીસ રેલી ૨૦૧૯ને પ્રસ્થાન કરાવતા રાજ્યપાલશ્રી

અમદાવાદ, તા. ૧

વર્લ્ડ પીસ રેલી ગાંધી આશ્રમથી આંબેડકર હાઉસ લંડન પહોંચીને ૧૫મી ઓગસ્ટે ધ્વજવંદન કરશે.

મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિના વર્ષની ઉજવણીના ઉપલક્ષ્યમાં શ્રી સાંઈ ટ્રસ્ટ મહિલા અને બાળ કલ્યાણના સહયોગથી ગાંધી આશ્રમથી આંબેડકર હાઉસ લંડન સુધીની રેલીનુ આયોજન કરવામાં આવ્યું છે.

આ રેલીને આજ રોજ ગાંધી આશ્રમથી રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું. જેનો મુળ ઉદ્દેશ એ છે કે સમગ્ર વિશ્વમાં મહાત્મા ગાંધીજી અને ડો. બાબાસાહેબ આંબેડકરના શાંતિનો સંદેશાનો ફેલાવો થાય.

આ વર્લ્ડ પીસ રેલીમાં ૧૦ ગાડીઓ અને ૩૦ લોકો જોડાયા છે. જેઓ રેલી દ્વારા ૧૦૫ શહેર અને ૧૫ દેશોમાં ફરીને ૧૫મી ઓગસ્ટે લંડન આંબેડકર હાઉસ ખાતે ધ્વજવંદન કરશે.

રેલીને પ્રસ્થાન કરાવતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે ભારતના બે મહામાનવ મહાત્મા ગાંધીજી અને ડૉ. બાબાસાહેબ આંબેડકરના પ્રેરણાદાયી જીવનના શાંતિના સંદેશને જન - જન સુધી પહોંચાડવાનું આ એક ભગીરથ કાર્ય છે.

મહાત્મા ગાંધીજી અને ડો.બાબાસાહેબ આંબેડકર શાંતિ, માનવતા અને ભાઈચારાના સિદ્ધાંતને વરેલા હતા અને આજે દુનિયા તેમના પથ પર ચાલે છે. જેના થકી આજે સમગ્ર વિશ્વમાં ભારતની એક આગવી અને અલગ ઓળખ ઊભી થઈ છે.

દુનિયાની સર્વ પ્રથમ વિશ્વશાંતિ રેલી યોજવા માટે રાજ્યપાલશ્રીએ સાંઈ વેલફેર ટ્રસ્ટને અભિનંદન પાઠવ્યા હતાં તથા શાંતિદૂતના રૂપમાં આ રેલી સફળતા પ્રાપ્ત કરશે એવી અભ્યર્થના વ્યક્ત કરી હતી.

ઈસનપુર મોટા એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલ ખાતે આઈ.સી.યુ. યુનિટનો શુભારંભ

ચિલોડા, તા. ૧

ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા સ્થિત એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલ ખાતે ૨૯મી જુન શનિવારે ૧૨.૩૯ના શુભ મૂહુર્તામાં ૪ બેડના આઈ.સી.યુ. યુનિટનો શુભારંભ સમારોહ યોજાયો હતો.

આ પ્રસંગે એમ.ડી. ફિઝિશ્યન મેડીસીન ડૉ. નીતી લીખાણીના માર્ગદર્શન હેઠળ આ યુનિટ દર્દીઓને રાહતદરે આઈસીયુ યુનિટની સેવાઓ પ્રદાન કરશે. વેન્ટીલેટર સાથેના આ આઈસીયુમાં નિષ્ણાંત મેડીકલ ઓફિસરો ડૉ. પાર્થ તથા ડૉ. યામિનીબેન પોતાની તબીબી સેવાઓ પુરી પાડશે. આ સાથે સેવાભાવી સીસ્ટરો સાથે યુનિટમાં ૨૪ કલાક સેવાઓની સુવિધા પુરી પાડે છે.

આ યુનિટના ઉદ્ઘાટન પ્રસંગે હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડૉ. હેતલભાઈ ચૌધરી, ટ્રસ્ટી અને કન્વીનર રામચંદ્રભાઈ જી. પટેલ, અગ્રણી રમેશભાઈ બી. પટેલ તેમજ હોસ્પિટલનો સમગ્ર સ્ટાફ ગણ ઉપસ્થિત રહ્યા હતા. એમ.બી. પટેલ હોસ્પિટલની અનેકવિધલક્ષી સેવાઓમાં એક વધુ આઈ.સી.યુ. યુનિટ સુવિધાથી જિલ્લા તથા આજુબાજુના ગ્રામ્ય દર્દીઓની જરૂરી નિદાન થયા બાદ જરૂર પડે તદ્દન નજીવા રાહતદરે આઈસીયુ યુનિટનો વિશેષ લાભ મળી રહેશે તેવુ રામચંદ્ર પટેલે જણાવ્યું હતું.

જાહેર નિવિદા

જિલ્લા રમત ગમત અધિકારી અને જિલ્લા યુવા વિકાસ અધિકારી ક્રિષ્ના હોસ્પિટલ કમ્પાઉન્ડ, સબજેલ પાસે, હિંમતનગર, સાબરકાંઠાની કચેરી દ્વારા સને ૨૦૧૯-૨૦ના વર્ષમાં યોજાનાર રમત ગમત સ્પર્ધાઓ / શિબિરો / સાંસ્કૃતિક તેમજ વિવિધ કાર્યક્રમો માટે રમતના સાધનો / ગણવેશ / પ્રિન્ટીંગ / ફરાસખાના / ફોટોગ્રાફી / વાહન / ભોજન વ્યવસ્થા પૂરી પાડવા તેમજ અન્ય આઈટમ માટે સરકારી કાર્યક્રમના અનુભવી કોન્ટ્રાક્ટરો પાસેથી ભાવપત્રક મંગાવવામાં આવે છે. આ ભાવપત્રકોની શરતો અને ટેન્ડર કોપી મેળવીને તા. ૧૦/૭/૨૦૧૯ના રોજ ૧૬:૦૦ કલાક સુધીમાં બંધ કવરમાં ટેન્ડર ઉપરોક્ત સ્થળે પહોંચતા કરવા. કોઈપણ ટેન્ડરનો સ્વીકાર કરવો ન કરવો તે માટે જિલ્લા રમત ગમત અધિકારીનો નિર્ણય આખરી અને સર્વેને બંધનકર્તા રહેશે.

જિલ્લા રમત ગમત અધિકારી અને જિલ્લા યુવા વિકાસ અધિકારી

હિંમતનગર, સાબરકાંઠા

માહિતી/હિંમત/૧૦૭/૧૯